| | | | |
|---|---|---|---|
| દાખલ તારીખ : | ૨૦/૦૪/૨૦૨૪ | | |
| રજીસ્ટર તારીખ : | ૨૦/૦૪/૨૦૨૪ | | |
| ફેસલ તારીખ : | ૩૦/૦૩/૨૦૨૬ | | |
| સમયગાળો | વર્ષ | માસ | દિવસ |
| | ૦૧ | ૧૧ | ૧૦ |

---

**મે. નડીયાદના ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ સાહબની કોર્ટ સમક્ષ**

---

ફોજદારી કેસ નં. ૧૯૫૪/૨૦૨૪
આંક :૨૯

**ફરીયાદી :–** ગાયત્રી ફાઈનાન્સ,
પ્રો. પ્રિયાંક અશોકભાઈ ગજ્જર
ઉ.વ. ૩૫, ધંધો. વેપાર.
ઠે. પ્લેટીનમ પ્લાઝા, સ્ટેશન રોડ, નડીયાદ.

વિરુધ્ધ

**આરોપી :–** રાજેશભાઈ ગણપતભાઈ સોલંકી,
ઉ. વ. પુખ્ત, ધંધો. ખેતી,
રહે, ૫, સંત પ્લાઝા, અનુપમ ફેકટરી સામે, સલુણ તળપદ, તા.નડીયાદ.

---

**ફરીયાદી તરફે:** વિ. વ. શ્રી. લલીત આર. ગોર.
**આરોપી તરફે:** વિ. વ. શ્રી. વી. એન. પઠાણ.

---

**ગુનો :** ધી. નેગોશીએબલ ઈન્સ્ટ્રૂમેન્ટ એકટની કલમ – ૧૩૮.

---

**–:: ઠરાવ ::–**

(૧) **<u>ફરીયાદ પક્ષાનો કેસ :–</u>**

હાલના ફરીયાદીએ આરોપી સામે રૂા.૯૮,૦૦૦/–(અંકે રૂપિયા અઠાણુ હજાર પુરા) નો ચેક પરત ફેરલ હોવા બાબતે ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રમેન્ટ એકટની – ૧૮૮૧ ની કલમ–૧૩૮ મુજબની ફરીયાદ આરોપી વિરૂધ્ધ દાખલ કરેલ છે.

(૧.૧) ફરીયાદપક્ષના કેસની ટુંકમાં હકીકત જોઈએ તો, ફરીયાદી કાયદા અન્વયે નોંધાયેલ રજીસ્ટર્ડ ફાઈનાન્સ પેઢી છે અને નાણાં ધીરધારનો વ્યવસાય કરે છે. આ કામના આરોપી ફરીયાદીને અવાર

નવાર મળતા હોય એક બીજાથી સુપરીચિત છે. વધુમાં, આરોપીને નાણાંની જરૂરીયાત ઉભી થતા ફરીયાદી પાસે જાન્યુઆરી ૨૦૨૪ માં શરાફી વ્યાજે એક માસ માટે રૂા.૯૮૦૦૦/– હાથ ઉછીના નાણાં લીધેલા હતા. જે બાબતે આરોપી પાસે પાવતી પહોંચ માંગતા આરોપીએ એક જ માસમાં પરત કરી દઈશ અને ભરોષો રાખવા જણાવેલ જેથી ફરીયાદીએ તેની કોઈ નોંધ રાખેલ નહી અને ફરીરયાદીએ ખાતરી માંગતા બાંહેધરી પેટે તેઓના કોટક મહિન્દ્રા બેંક નડીયાદના ખાતા નં . ૯૭૧૪૪૩૭૦૧૦ નો ચેક નં. ૦૦૦૦૦૫ નો તે નીચે સહી કરી એક જ માસ માટે જરૂર છે તેમ કહી તેમા રૂા.૯૮૦૦૦/– ભરીને આપેલ હતો અને તે ફરીયદી ચેકના ધારણકર્તા બનેલ છે. બાદમાં એક માસ ઉપરાંતનો સમય વિતી જવા છતાં આરોપીએ ફરીયાદીને કાયદેસરના લેણાં નાણાં ચુકવી નહી આપી ફીરીયાદીએ આરોપીને મૌખિક સુચના કરીને સદર ચેક ફરીયાદીના યસ બેંક નડીયાદના ખાતા નં. ૦૭૩૯૬૩૩૦૦૦૦૦૪૦૮ માં ભરતાં સદર ચેક આરોપીના બેંક તા.૨૭/૦૨/૨૦૨૪ ના મેમાં જણાવેલ કારણ ડ્રોઅર્સ સીગ્નેચર ડીફર ના શેરા સાથ પરત ફરેલ જેથી જાણ ફરીયાદીને તેઓની બેંક મરફતે થયેલ જેથી ફરીયાદીને વિશ્વાસઘાત તથા છેતરપીંડી થયાનો એહસાસ થયેલ અને ફરીયાદીને ચેક પરત ફરવાના કારણે કાયદેસરના લેણા નાણાં મળી શકેલ નહી. ત્યારબાદ ફરીયાદીએ તેઓના એડવોકેટ મારતફે તા.૧૧/૦૩/૨૦૨૪ ના રોજ આરોપીને રજી.પો.એ.ડી.થી નોટીસ આપેલી અને સદર નોટીસમાં સ્પષ્ટ પણે જણાવેલ છે કે, સદર નોટીસ મળે દીન–૧૫ માં ચેકની રકમ ચુકવી દેવી જે નોટીસ આરોપીને તા. ૧ ૨/૦૩/૨૦૨૪ નારોજ બજી ગયેલ છે તેમ છતાં સદર ચેકના નાણાં આરોપીએ ચુકવી આપેલ નથી. જેણી ફરીયાદીએ આ કામના આરોપી વિરૂધ્ધ ધી. નેગોશીયેબલ ઈન્સ્ટ્રૂમેન્ટ એકટની કલમ–૧ ૩૮ અન્વયે આ ફરીયાદ દાખલ કરેલ છે.

(૨) **<u>આરોપીની હાજરી અને પ્લી.</u>**

આરોપનીને સમન્સની બજવણી થતા તેમના વિ.વ.શ્રી. મારફતે કોર્ટ સમક્ષ હાજર થતા, ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ ૨૦૭ મુજબ ફરીયાદપક્ષના આધારભુત પુરાવાઓની નકલો વિના મુલ્યે પુરી પાડવામાં આવેલ છે. ત્યારબાદ આરોપીઓનું ગુના સંબંધે આંક–૧૬ થી નિવેદન નોંધવામાં આવેલ છે. જેમાં આરોપીએ તેના વિરૂધ્ધના ગુના નો ઈન્કાર કરેલ છે. આથી આરોપીઓ સામે આગળની ઈન્સાફી કાર્યવાહી ચલાવવામાં આવેલ છે. અત્રે એ હકીકત પણ નોંધનીય છે કે આ કેસ સમન્સ ટ્રાયેબલ પ્રોસીજર મુજબ ચાલેલ છે.

**(૩) ફરીયાદપક્ષે નીચે મુજબ પુરાવાઓ રજુ કરેલ છે.**

**–:મૌખિક પુરાવા :–**

| ક્રમ | વિગત | આંક |
|---|---|---|
| ૧ | ફરીયાદી ગાયત્રી ફાઈનાન્સના પ્રોપ.પ્રિયાંક અશોકભાઈ ગજ્જર સોગંદપરનો પુરાવો | ૦૪ |

**–: દસ્તાવેજી પુરાવા :–**

| ક્રમ | વિગત | આંક |
|---|---|---|
| ૧ | અસલ ચેક. | ૦૬ |
| ૨ | ચેક રીટર્ન મેમો | ૦૭ |
| ૩ | ડીમાન્ડ નોટિસની ઓફિસ કોપી | ૦૮ |
| ૪ | પોસ્ટ મારફતે આર.પી.એ.ડી.થી આરોપીને મોકલ્યા અંગેની વિન્ડો સ્લીપ | ૦૯ |
| ૫ | નાણાં ધિરધાર અંગેનુ રજિસ્ટ્રેશન પ્રમાણપત્ર | ૨૫ |

ફરિયાદી તરફે આંક–૨૬ થી કલોઝીંગ પુરસીસ રજુ રાખવામાં આવેલ છે.

(૪) અત્રે એ નોંધવું આવશ્યક અને જરૂરી છે કે સદર ફરીયાદીના કામે આરોપીને સમન્સ કાઢતા તેઓના વિ.વ.શ્રી. મારફતે હાજર થયેલ છે અને આંક–૧૬ થી આરોપીનો જવાબ નોં ધવમાં આવેલ છે જેમા આરોપીએ તેના વિરૂધ્ધના ગુનાનો ઈન્કાર કરેલ છે આથી આરોપી સામે આગળની ઈન્સાફી કાર્યવાહી ચલાવવામાં આવેલ છે. ત્યાર બાદ આરોપી હાજર રહેતા નાહોય આરોપી સામે જામીન લાયક વોરંટ કાઢવામાં આવેલ છે પોલીસ સ્ટેમનમાં હાજર રહીને જામની રજુ રાખેલ છે. ત્યારબાદ મુદત તારીખના રોજ આરોપી તેઓના વિ. વ.શ્રી. મારતફે હાજર રહેલ છે અને ફરીયાદ મુજબની રકમ ફરીયાદીને ચુકવી આપવા સબબની આંક૧૭ થી પુરસીસ રજુ રાખેલ છે. ત્યાર બાદ ફરીયાદના કામે આરોપીના વિ.વ.શ્રી.ધ્વારા આંક–૪ તળે ફરીયાદીની ઉલટ તપાસ કરવામાં આવેલ છે. ત્યારબાદ ફરીયાદપક્ષ તરફે આંક–૨૬ પુરાવા બંધ ની પુરસીસ રજુ રાખેલ છે.

વધુમાં, ફરીયાદી તરફેનો ઉપરોકત મુજબનો પુરાવો રજુ થયા બાદ સદર કામ તહોમતદારના વિશેષ નીવેદન નોંધવા પર રાખવામાં આવેલ, તેમ છતા તહોમતદાર કે તેમના વકિલ શ્રી. અદાલત સમક્ષ લાંબા સમયગાળાથી આજ દિવસ સુધી ઉપસ્થિત રહેલ નથી. ત્યાર બાદ આરોપીનુ વિષેશ નિવેદન તૈયાર હોય ત્યાર બાદ પણ આરોપી આજદિન સુધી સતત ગેર હાજર રહેલ છે, આરોપી કે તેમના વકીલ શ્રી. પણ હાજર રહેલ નથી કે કોઈ મુદત અરજી કે રીપોર્ટ રજુ રાખેલ નથી. આમ પુરતી તક આપવામાં આવેલ હોવા છતાં તહોમતદાર વિશેષ નીવેદન નોંધી શકાય તે માટે અદાલત સમક્ષ ઉપસ્થિત રહેલ ન હોવાથી તહોમતદારનુ વિશેષ નીવેદન નોંધી શકાયેલ નથી.

વિશેષમાં સીઆર.પી.સી. કલમ ૩૧૩ ની જોગવાઈ વંચાણે લેવામાં આવે તો પરં તુકમાં એવી જોગવાઈ કરવામાં આવેલ છે કે સમન્સ કેસમાં, આરોપીને જાતે હાજર રહેવાનુ જરૂરી ન માને, ત્યારે કલમ ૩૧૩ (૧)(ખ) હેઠળ જુબાની લેવી જરૂરી નથી. અહીં હાથ પરના કીસ્સામાં પણ તહોમતદારના વકીલશ્રીએ તહોમતદારની જાત હાજરી માફી માટે રીપોર્ટ રજુ કરેલ છે, જે મંજુર કરવામાં આવેલ છે, બાદ તહોમતદાર હાજર રહેતા નથી અને જેથી તહોમતદારનુ વિશેષ નીવેદન અદાલત નોંધી શકેલ નથી. તેવા સંજોગોમાં આ અદાલતે આગળની કાર્યવાહી તહોમતદારના વિશેષ નિવેદન નોંધ્યા સિવાય હાથ ધરેલ છે તેનાથી કાર્યવાહી દુષીત થયેલી ગણી શકાય નહીં.

(૫) આરોપી પક્ષને પુરતી તક આપવામાં આવેલ હોવા છતાં કોઈ પુરાવો રજુ કરેલ નથી.

(૬) ફરીયાદી તરફે વિ.વ.શ્રી. એલ.આર.ગોર નાઓએ દલીલ કરેલ છે કે, ફરીયાદીએ પુરાવાથી ફરીયાદની હકીકતને સમર્થન આપેલ છે. બચાવપક્ષે તહોમતદારે ચેક આપેલ નથી કે તહોમતદારની સહી નથી તેવું પુરવાર કરેલ નથી, વધુમા ફરીયાદીએ રજુ કરેલ પુરાવાથી વિરૂધ્ધની કોઈ હકીકત બચાવપક્ષ પુરવાર કરી શકેલ નથી. જેથી ફરીયાદીનુ લેણુ કાયદેસરનુ હોવાનુ પુરવાર થાય છે અને જેથી કાયદામાં કરવામાં આવેલ અનુમાનો

ફરીયાદીની તરફેણમાં હોઈ ફરીયાદીએ ફરીયાદની હકીકત પુરવાર કરેલ હોઈ તહોમતદારને મહતમ સજા કરવા વિનંતી છે.

(૬.૧) આરોપીપક્ષને પુરતી તક આપવામાં આવેલ હોવા છતાં કોઈ દલીલ કરવા માટે ઉપસ્થિત રહેલ નથી કે કોઈ દલીલ કરવામાં આવેલ નથી.

**(૭) <u>આ કેસના ચુકાદા માટે નીચે મુજબના મુદ્દા ફ્રેમ કરવામાં આવેલ છે.</u>**

(૧) શું ફરીયાદીપક્ષ નિ:શંકપણે સાબિત કરે છે કે, આ કામના આરોપીએ સમગ્ર રીતે અથવા અંશત:, કોઈપણ કાયદેસરનુ દેવું કે અન્ય જવાબદારી અદા કવા માટે, પોતે નિભાવત હોય તેવા ખાતાના સવાલવાળો ચેક ફરીયાદીને આપેલ અને તે ચેક, નિયત સમયમાં ફરીયાદીએ બેંક સમક્ષ રજૂ કરતા, તે ચેક ચૂકવણી કર્યા વિના પરત ફરેલ છે. અને તે અંગે ફરીયાદી એ આરોપીને નિયત સમયમાં નોટીસ આપી, સદરહું ચેકની રકમની માંગણી કરવા છતાં, આરોપી નિયત સમયમાં સદરહું રકમની ચૂકવણી કરવામાં નિષ્ફળ ગયેલ છે અને તેમ કરી, આરોપીએ ધી. નેગેશિયેબલ ઈન્સ્ટ્રૂમેન્ટ એકટ ની કલમ-૧૩૮ મુજબનો ગુન્હો કરેલ છે. ?

(૨) શું હુકમ ?

(૮) ઉપરોકત મુદ્દાના મારા નિર્ણયો હવે પછી ચર્ચા કર્યા મુજબના કારણોસહ ના મુજબ છે.

(૧) હકારાત્મક.

(૨) આખરી હુકમ મુજબ.

**(૯) <u>ઉપરોકત નિર્ણયોના કારણો નીચે મુજબ છે.</u>**

**<u>-: કારણો :-</u>**

**મુદ્દા નં. ૧ અને ૨.....**

**એન.આઈ.એકટની કલમ -૧૩૮ નો હેતુ..**

આ કામે આરોપી સામે એન.આઈ.એકટની કલમ-૧૩૮ મુજબનો આરોપ છે ત્યારે આ કલમ પાછળનો લેજીસલેચરનો શું હેતુ હતો તે નામ.સુપ્રિમ કોર્ટે તેમનો ચુકાદો MSR Leathers v. S. Palaniappan 2013 CRI. L. J. 1112(S.C.) માં નીચે મુજબ વર્ણાવેલ છે.

27.It is trite that the object underlying Section 138 of the Act is to promote and inculcate faith in the efficacy of banking system and its operations, giving credibility to Negotiable Instruments in business transactions and to create an atmosphere of faith and reliance by discouraging people from dishonouring their commitments which are implicit when they pay their dues through cheques. The provision was intended to punish those unscrupulous persons who issued cheques for discharging their liabilities without really intending to honour the promise that goes with the drawing up of such a negotiable instrument.

ઉપરોકત હેતુને ધ્યાનમાં રાખી આ કામે રજુ થયેલ રેકર્ડ પરનો પુરાવો ધ્યાને લેવામાં આવેતો, ફરીયાદી આંક-૧ ની ફરીયાદીની હકીકતોને સમર્થન આપતો પુરાવો સોગંદ ઉપર આંક-૪ થી રજુ રાખેલ છે. ત્યારબાદ બચાવપક્ષે ફરીયાદીની ઉલટ તપાસ કરવામાં આવેલ છે જે ધ્યાને લેતા, ફરીયાદીએ એ હકીકતોનો સ્વિકાર કરેલ છે કે, એ વાત ખરી છે કે, અમારી ફરીયાદ વાળી પેઢીનુ લાઈસન્સ ફરીયાદના કામે રજુ રાખેલ નથી. એ વાત ખરી છે કે, ફરીયાદી વાળી પેઢી અમારા માતૃશ્રીના નામે ચાલે છે. ફરીયાદ વાળા નાણાં મે આઈ.એમ.પી.એસ. ધ્વારા ડાયરેકટ આરોપીના ખાતામાં આપેલા. આ સિવાયની અન્ય હકીકતોનો ઈન્કાર કરેલ છે.

(૧૦) આ કામે જ્યારે આરોપી સામે ધી નેગોશિયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ ૧૩૮ મુજબનો ગુન્હો કર્યાનો આક્ષેપ છે ત્યારે, ધી નેગોશિયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ–૧૩૮ ની જોગવાય ધ્યાને લેતાં, સદર ગુન્હો સાબિત કરવા માટે ફરિયાદપક્ષે તેમના સકારાત્મક પુરાવાથી એ હકીકત સાબિત કરવાની રહે છે કે, તે ચેક આરોપી દ્વારા સમગ્ર અથવા અંશતઃ દેવા અથવા બીજી જવાબદારી અદા કરવા માટે ફરિયાદીને આપવામાં આવેલ હતો અને સદર ચેક અપુરતા ભંડોળના કારણે, ચૂકવણી થયા વિનાપરત ફરેલ હતો. વધુમાં, આ કામના આરોપી સામે જ્યારે ધી નેગોશિયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ–૧૩૮ મુજબના ગુન્હાનું તહોમત છે, તે સંજોગોમાં, તે કાયદાની કલમ ૧૧૮ તથા ૧૩૯ ની જોગવાઈ તથા નામદાર ઉચ્ચ અદાલતો દ્વારા સદર કલમ ૧૧૮ તથા ૧૩૯ ની જોગવાઈ આધારે, ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ–૧૩૮ મુજબના ગુન્હા અંગે જે સિદ્ધાંતો પ્રતિપાદીત કરવામાં આવેલ છે, તે ધ્યાને લેતા, એ હકિકત સ્પષ્ટ થાય છે કે, કલમ–૧૩૮ મુજબના ગુન્હા અંગેના કેસમાં, જ્યાં સુધી આરોપી દ્વારા વિરૂદ્ધનું પુરવાર કરવામાં ન આવે ત્યાં સુધી કોર્ટે એવું અનુમાન કરવાનું રહે છે કે, સવાલવાળો ચેક, તે ચેક સહી કરનારે, અવેજના બદલામાં અને તેનું હાલનું કાયદેસરનું દેવું અથવા તો અન્ય જવાબદારી અદા કરવા માટે આપેલ છે. વધુમાં, આ રીતે કરવામાં આવતા કાયદાકીય અનુમાનોનું કોર્ટ સમક્ષ સબળ અને સચોટ પુરાવાથી ખંડન કરવાની જવાબદારી , સદરહું ચેક લખનારના શીરે રહે છે અને આરોપી દ્વારા માત્ર તે હકીકતોનો ઈન્કાર કરી દેવા માત્રથી જવાબદારીનો તે બોજો ફરિયાદી ઉપર ખસી જતો નથી. વધુમાં, આ અંગે નામદાર સુપ્રિમ કોર્ટનો "**Hiten P. Dalal V/s. Bratindranath Banerjee" (2001) 6 SCC 16** નો ચુકાદો જોવામાં આવે તો, તે ચુકાદામાં નામદાર સુપ્રિમ કોર્ટે ઠરાવેલ છે કે, "the moment cheque is issued the presumption runs against the accused. The words used for the presumption are "unless contrary is proved". Therefore, the accused either by way of cross-examination or by leading satisfactory evidence equivalent to the degree of proof or at-least to the level of moral certainty to establish that the cheque was not issued for legally enforcible liability.'

વધુમાં, ઉપરોક્ત ચુકાદામાં નામદાર સુપ્રિમ કોર્ટે, આ કાયદાની કલમ ૧૧૮, ૧૩૮ તથા ૧૩૯ સંદર્ભે, આ કાયદાના અનુમાનોનું તથા હકીકતોનું ખંડન કરવાની જવાબદારી આરોપી કેવી રીતે નિભાવી શકાય તે અંગે વિગતવાર ચર્ચા કરતાં ઠરાવેલ છે કે, "......It introduces an exception to the general rule as to the burden of proof in criminal cases and shifts the onus on to the accused" (ibid). Such a presumption is a presumption of law, as distinguished from a presumption of fact which describes provisions by which the court

"may presume" a certain state of affairs. Presumptions are rules of evidence and do not conflict with the presumption of innocence, because by the latter all that is meant is that the prosecution is obliged to prove the case against the accused beyond reasonable doubt. The obligation on the prosecution may be discharged with the help of presumptions of law or fact unless the accused adduces evidence showing the reasonable possibility of the non-existence of the presumed fact.

...... Therefore, the rebuttal does not have to be conclusively established but such evidence must be adduced before the Court in support of the defence that the Court must either believe the defence to exist or consider its existence to be reasonably probable, the standard of reasonability being that of the 'prudent man'.

....... In the case of a discretionary presumption the presumption if drawn may be rebutted by an explanation which "might reasonably be true and which is consistent with the innocence" of the accused. **On the other hand in the case of a mandatory presumption "the burden resting on the accused person in such a case would not be as light as it is where a presumption is raised under S.114 of the Evidence Act and cannot be held to be discharged merely by reason of the fact that the explanation offered by the accused is reasonable and probable. It must further be shown that the explanation is a true one. The words 'unless the contrary is proved' which occur in this provision make it clear that the presumption has to be rebutted by 'proof' and not by a bare explanation which is merely plausible."**

વધુમાં, આ અંગે નામદાર સુપ્રિમ કોર્ટનો **(2010) AIR (SC) 1898 "Rangappa Vs. Sri Mohan"** નો ચુકાદો જોવામાં આવે તો, તેમાં નામદાર સુપ્રિમ કોર્ટે, **"Krishna Janardhan Bhatt vs. Dattatraya G. Hegde." AIR 2008 SC 1325** નો ચુકાદો રીફર કરી, તે ચુકાદામાં નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ–૧૩૮ ના ગુન્હા સંદર્ભે, કલમ–૧૩૯ ના કાયદાના અનુમાનો ક્યારે કરી શકાય અને તે અનુમાનોનું ખંડન કરવાની જવાબદારી, આરોપી કેવી રીતે નિભાવી શકે, તે અંગે વિગતવાર

ચર્ચા કરતાં ઠરાવેલ છે કે,

14. In light of these extracts, we are in agreement with the respondent−claimant that the presumption mandated by Section 139 of the Act does indeed include the existence of a legally enforceable debt or liability. To that extent, the impugned observations in Krishna Janardhan Bhat (supra) may not be correct. However, this does not in any way cast doubt on the correctness of the decision in that case since it was based on the specific facts and circumstances therein. As noted in the citations, this is of course in the nature of a rebuttable presumption and it is open to the accused to raise a defence wherein the existence of a legally enforceable debt or liability can be contested. However, there can be no doubt that there is an initial presumption which favours the complainant. Section 139 of the Act is an example of a reverse onus clause that has been included in furtherance of the legislative objective of improving the credibility of negotiable instruments. While Section 138 of the Act specifies a strong criminal remedy in relation to the dishonour of cheques, the rebuttable presumption under Section 139 is a device to prevent undue delay in the course of litigation. However, it must be remembered that the offence made punishable by Section 138 can be better described as a regulatory offence since the bouncing of a cheque is largely in the nature of a civil wrong whose impact is usually confined to the private parties involved in commercial transactions. In such a scenario, the test of proportionality should guide the construction and interpretation of reverse onus clauses and the accused/defendant cannot be expected to discharge an unduly high standard or proof. In the absence of compelling justifications, reverse onus clauses usually impose an evidentiary burden and not a persuasive burden. Keeping this in view, it is a settled position that when an accused has to rebut the presumption under Section 139, the standard of proof for doing so is that of ‘preponderance of probabilities’. Therefore, if the accused is able to raise a probable

defence which creates doubts about the existence of a legally enforceable debt or liability, the prosecution can fail. As clarified in the citations, the accused can rely on the materials submitted by the complainant in order to raise such a defence and it is conceivable that in some cases the accused may not need to adduce evidence of his/her own.

(૧૦.૧) આમ, ધી. નેગોશિયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ-૧૩૮ ના તત્વો તથા તે અંગે નામદાર ઉચ્ચ અદાલતો ધ્વારા પ્રતિપાદીત કરવામાં આવેલ સિધ્ધાંતો ધ્યાને લેતા, ફરીયાદના કામે ફરીયાદ પક્ષ તરફે રજુ થયેલ સમગ્ર પુરાવાનુ મુલ્યાકંન કરવામાં આવે તો, ફરીયાદી ગાયત્રી ફાઈનાન્સના પ્રોપ. પ્રિયાંક અશોકભાઈ ગજજર નાઓનો આંક-૪ થી એફીડેવીટથી સરતપાસ રજુ થયેલ છે અને તેઓની સરતતપાસના સમર્થનમાં આંક-૦૬ થી ૧૦ મુજબના દસ્તાવેજી પુરાવા રજુ રાખેલ છે. હવે, ફરીયાદીની ફરીયાદ તથા સરતપાસની હકીકતો મુજબ, આરોપીને નાણાંની જરૂરીયાત પડતા જાન્યુઆરી ૨૦૨૪ માં શરાફી વ્યાજે એક માસ માટે રૂ.૯૮૦૦૦/- ફરીયાદીએ હાથ ઉછીના આપેલા. જેની સામે આરોપીએ આપેલ કોટક મહિન્દ્ર બેંક લી. નડીયાદ શાખાનો ચેક નં.૦૦૦૦૦૫ નો ફરીયાદીએ તેઓની ખાતુ ધરાવતી બેંકમાં જમા કરાવતા તે ચેક રીટર્ન થયેલ હતો જેથી ફરીયાદીએ આરોપી સામે હાલનો કેસ દાખલ કરેલ છે. આંક-૬ વાળો તા.૨૬/૦૨/૨૦૨૪ નો ચેક આરોપીએ ફરીયાદીને આપેલ હતો જે ચેક ફરીયાદીએ તેઓની બેંકમાં વટાવવા માટે રજુ રાખતા સદર ચેક તા.૨૭/૦૨/૨૦૨૪ ના રોજ આંક-૭ વાળા રીટર્ન મેમા મુજબ ફંડ ઈનશફીશીયન્ટના શેરા સાથે પરત ફરેલ હતો. જેથી ફરીયાદીએ તા.૧૧/૦૩/૨૦૨૪ ના રોજ આંક-૮ મુજબની ડીમાન્ડ નોટીસ આરોપીને આપેલ હતી. જે નોટીસ આરોપીને તા.૧ ૨/૦૩/૨૦૨૪ ના રોજ આંક-૯ મુજબના એકનોલેજમેન્ટ સ્લિપ વાળા દસ્તાવેજ મુજબ મળી ગયેલ છે તેમ છતા નોટીસ મુજબ અમલ કરેલ નથી. વધુમાં, આરોપી પક્ષે ફરીયાદીની ઉલટ તપાસ કરવામા આવેલ છે જે ધ્યાને લેતા, બચાવ પક્ષ ધ્વારા પુછવામાં આવેલ સજેશન અને પ્રશ્નો ધ્વારા ફરીયાદ મુજબની હકીકતોનો સ્વિકાર કરેલ છે કે, ફરીયાદ વાળી પેઢી અમારા માતૃશ્રીન નામે ચાલે છે. ફરીયાદ વાળી પેઢીનુ લાયસન્સ ફરીયાદના કામે રજુ રાખેલ નથી. ફરચાદમાં નાણાં આપેલાની નોંધ રાખેલ નથી તેવી હકીકત લખેલી છે.

**વધુમાં, આરોપી તરફે તેઓના વિ.વ.શ્રીની હાજરીમાં આંક–૧૭ થી આ કામના ફરીયાદીને તા.૦૮/૧૨/૨૦૨૫ ના રોજ ચેકની રકમ પૈકી રૂા.૨૫૦૦૦/– રોકડા અને બાકીની રકમ રૂ.૭૩૦૦૦/– નો બે મહીના ફેરનો ચેક આપી દઈશું જે બાંહેધરી પુરસીસ થી જાહેર કરીએ છીએ અને સરદહુ પુરસીસ માં આરોપી તથા તેમના વિ.વ.શ્રી.નાઓની સહી છે.**

(૧૦.૨) આમ, બચાવ પક્ષ તરફે ઉપરોકત મુજબના ડિનાઈલ લેવામાં આવેલ છે પરંતુ પોતાના બચાવને ખંડન કરતો કોઈ ઠોસ પુરાવો રજુ રખેલ નથી. આ સંબંધે નામદાર સર્વોચ્ચ અદાલતના **1999(3)** DVV **35 +** AIR **1999** SC **1008** ના ચુકાદામાં પ્રતિપાદીત કરેલ સિધ્ધાંત મુજબ, ''પુરાવાના અનુમાનનું ખંડન કરવા માટે ફરત ડિનાઈલ સફિસિયન્ટ નથી. નકક હકીકત રેકર્ડ ઉપર લાવવી જોઈએ. કોર્ટ ધ્વારા નકારાત્મક પુરાવાથી કોઈ હકીકત સાબિત કરવાનું કહી શકે નહી. આમ, બચાવ પક્ષ ધ્વારા લેવામાં આવેલ ઉપરોકત મુજબના અનુમાનોનું ખંડન પ્રોબેબલ ડિફેન્સથી કરવામાં આવેલ નથી જેથી બચાવ પક્ષ ની ઉપરોકત મુજબના ખંડનો અને દલીલ ગ્રાહય રાખી શકાત તેમ નથી.

વધુમાં આ કામે સાવાલ વાળા ચેકમાં આરોપીની સહી નહીં હોવાની કોઈ તકરાર આરોપીપક્ષ ધ્વારા લેવામાં આવેલ નથી. જો સહી કરેલ ચેક આપવામાં આવે તેનો અર્થ ધારણકર્તાને તેમાં વિગત ભરવા સતા આપવામાં આવેલ છે. આ અંગે Prabhakar ..Vs.. Surendra, 2006 (2) DCR 351, ના ચુકાદામાં ઠરાવેલ છે કે, Drawer issued blank cheque duly signed gives authority to fill it up & the date.

વધુમાં, આરોપી પક્ષ તરફે આંક–૧૭ થી ફરીયાદ મુજબની રકમ ફરીયાદીને પુરસીસમાં જણાવેલ વિગતે અને સમયે ચુકવી આપવા માટેની બાહેંધરી પુરસીસ ધ્વારા લખીને આપેલછે. .

જેથી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટમાં આપવામાં આવેલ કલમ–૧૧૮ અને ૧૩૯ ના અનુમાન મુજબ સદર સાવાલવાળો ચેક કાયદેસરની જવાબદારી પેટે આરોપી ધ્વારા આપવામાં આવેલ હોવાનું પુરવાર થાય છે.

આમ, આ કેસમાં પણ ઉપરોકત ચર્ચા કર્યા મુજબ રેકર્ડ પરથી જયારે એ હકીકત સાબિત થયેલ છે કે, આરોપી ધ્વારા આપવામાં આવેલ સવાલવાળો ચેક, ફરીયાદ મુજબની રકમની ચુકવણી માટે આપવામાં આવેલ હતો અને તે ચેકની તારીખે ફરીયાદીનુ આરોપી પાસે લેણુ બાકી નીકળતું હતું અને સદર લેણું વસુલ કરવા માટે ફરીયાદી ધ્વારા આરોપીનો સવાલવાળો ચેક પોસ્ટ ડેટેડ ચેક ભરણામાં નાંખવામાં આવેલ હતો અને તે ચેક ચુકવણી થયા વગર ફંડ ઈનસફિશિયન્ટના શેરા સાથે પરત ફરેલ છે. તે સંજોગોમાં, ઉપરોકત ચુકાદાઓમાં પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંતો ધ્યાને લ ેતાં પણ સવાલવાળો ચેક અંગે આ કામના આરોપીની ધી. નેગોશિયેબલ ઈન્સ્ટ્રુમેનટ એકટની કલમ–૧૩૮ મુજબના ગુના અંગેની જવાબદારી ઉત્પન્ન થયેલ હોવાની હકીકત રેકર્ડ પરથી સાબિત થાય છે. આમ, ઉપરોકત તમામ સંજોગો પરથી એ હકીકત સ્પષ્ટ થાય છે કે, આરોપીપક્ષ રેકર્ડ પરના પુરાવા પરથી તેમના તરફે લેવામાં આવેલ તકરારો / બચાવોની હકીકતો સંભાવનાની પ્રબળતાના સિધ્ધાંત મુજબ સાબિત કરી, ફરીયાદવાળા વ્યવહારની હકીકતોનું કે ફરીયાદીની તરફેણમાં ઉદ્દભવેલ ધી નેગોશિયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૧ ૮ તથા ૧૩૯ મુજબના અનુમાનોનુ ખંડન કરવામાં નિષ્ફળ ગયેલ છે.

(૧૧) વધુમાં, ધી. નેગોશિયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ અંગેના ગુનામાં કોર્ટે માત્ર, આરોપીએ સદરહું ચેક કોઈપણ દેવા કે અન્ય જવાબદારી અદા કરવા માટે આપેલ છે કે કેમ ? એટલુંજ જોવાનુ રહેતુ નથી પરંતુ, તેની સાથોસાથ ધી નેગોશિકયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકની કલમ–૧૩૮ ના ગુનાના અન્ય તત્વો રેકર્ડ ઉપરથી સાબિત થાય છે કે કેમ ? તે હકીકત પણ ધ્યાને લેવાની રેહ છે. સરદહુ હકીકત અંગે સર્વપ્રથમ સાવલવાળો ચેક જોવામાં આવેતો, તે ચેક તા.૨૬/૦૨/૨૦૨૪ ની તારીખનો છે તથા ફરીયાદી ધ્વારા તે ચેક તા.૨૬/૦૨/૨૦૨૪ ના રોજ એટલે કે તે ચેકની કાયદેસરતાના સમયગાળા દરમિયાન તેમના બેકં એકાઉન્ટમાં વટાવવા માટે રજુ કરવામાં આવેલ છે. વધુમાં, રેકર્ડ ઉપર રજુ થયેલ આંક–૭ થી સદરહું ચેક રીટર્ન થયા અં ગેનો બેકંનો રીટર્ન મેમો ધ્યાને લેતા, તે ચેક '' ફંડ ઈન્શફિશિયન્ટ'' ના શેરા સાથે ચુકવણી થયા વગર તા.૨૭/૦૨/૨૦૨૪ ના રોજ પરત થયેલ હોવાની હકીકત તથા તેની જાણ ફરીયાદીને થતા, ફરીયાદી ધ્વારા નિયત ત્રીસ દિવસની અંદર, એટલે કે, તા.૧૧/૦૩/૨૦૨૪ ના રોજ આરોપીને આંક–૮ની ધી નેગોશિયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કમલ–૧૩૮(બી) મુજબની સદરહું ચેકની રકમની માંગણી કરતી નોટીસ, આરોપીના સાચા સરનામે રજી.પોસ્ટ એ.ડી.થી મોકલાવેલ

હોવાની હકીકત અને તે નોટીસ , આરોપીના સાચા સરનામે રજી. પોસ્ટ એ.ડી.થી મોકલા હોવાની હકીકત આંક–૯ ના પોસ્ટની એકનોલેઝમેન્ટ સ્લીપ ઉપરથી સાબિત થાય છે. આમ, ફરીયાદી ધ્વારા આરોપીને રજી.પો.એ.ડી. મારફતે સાચા સરનામે સદર નોટીસ આપ્યા બાદ પણ આરોપીએ સદર સવાલવાળા ચેકની રકમ નિયત સમયમાં એટલે કે નોટીસના ૧૫ (પંદર) દિવસમાં ફરીયાદીને ન ચુકવતા અને ફરીયાદીને કલમ–૧૩૮ (સી) મુજબ, ફરીયાદ કરવાનુ કારણ ઉભુ થતા, ફરીયાદીએ હાલની ફરીયાદ, આ કાયદાની કલમ–૧૪૨(બી) માં જણાવેલ ૧ (એક) માસની મુદતમાં તા. ૨૦/૦૪/૨૦૨૪ ના રોજ કોર્ટમા દાખલ કરી દીધેલ હોવાની હકીકત પણ આંક–૧ ની ફરીયાદ પરથી તથા રેકર્ડ ઉપરથી સાબિત થાય છે. આમ, રેકર્ડ ઉપરથી આ કામના આરોપી સામે ધી નેગોશિયેબલ ઈન્સ્ટ્રૃમેન્ટ એકટની કલમ–૧૩૮ ના ગુન્હા મુજબના તમામ તત્વો સાબિત થયેલ હોવાનું જણાઈ આવે છે. આમ, આ કામના આરોપી વિરૂધ્ધ ધી નેગોશિયેબલ ઈન્સ્ટ્રૃમેન્ટ એકટની કલમ–૧૩૮ મુજબના ગુન્હાના તમામ તત્વો રેકર્ડ ઉપરથી સાબિત થયેલ છે, તે સંજોગોમાં મુદા નં. ૧ નો જવાબ હકાર માં આવપવામાં આવે છે અને આ કામના આરોપીને ધી નેગોશિયેબલ ઈન્સ્ટ્રૃમેન્ટ એકટની કલમ–૧૩૮ મુજબના સજાને પાત્ર ગુન્હા અંગે તકસીરવાન ઠરાવવામાં આવે છે.

(૧૨) સામાન્ય સંજોગોમાં અને સામાન્ય રીતે આ અદાલત ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ ૧૩૮ અન્વયે તહોમતદારને તકસીરવાન ઠરાવવાના નીર્ણય પર પહોંચે તે સમયે સજા અં ગે પક્ષકારોને સાંભળવા માટે કેસ મુલત્વી રાખે છે, જો કે, સીઆર.પી.સી.ની કલમ ૨૫૫ ની જોગવાઈ અનુસાર સમન્સ ટ્રાયેબલ કેસમાં સજા સબબ પક્ષકારોને સાંભળવા ફરજીયાત નથી, પરં તુ ન્યાયના હીતમાં આ પ્રકારની પધ્ધતિ અપનાવવી ઉચીત જણાતુ હોઈ સામાન્ય રીતે આ અદાલત પક્ષકારોને સજા સબબ સાંભળવા મુલત્વી રાખે છે. પરંતુ અહીં હાથ પરના કીસ્સામાં ઉપરોકત નોંધવામા આવેલ છે તે રીતે તહોમતદારને પુરતી તકો આપેલ હોવા છતા ઘણા લાબા સમયગાળાથી અદાલત સમક્ષ ઉપસ્થિત રહેતા નથી કે બજવણી કરનાર પોલીસ એજન્સી તહોમતદારને અદાલત સમક્ષ હાજર કરી શકેલ નથી અને તહોમતદારે કાયદાની જોગવાઈનો તેમજ આવા કીસ્સામાં અદાલત ધ્વારા લેવામાં આવતાં હળવાશભર્યા વલણનો સદં તર દુરૂપયોગ કરી આ કેસની ઈન્સાફી કાર્યવાહી ખુબ જ વિલંબમાં પાડેલ છે તેવા આ ખાસ અને વિશિષ્ટ સંજોગોમાં આ અદાલત ચોકકસથી એવું માને છે કે જો આ અદાલત તહોમતદારની

ગેરહાજરીમાં સજા સબબનો હુકમ ફરમાવે તો તે ન્યાયના વિરૂઘ્ધમાં ગણાશે નહીં, બલ્કે જો તહોમતદારની ગેરહાજરીમાં સજાનો હુકમ ફરમાવવામાં આવે તો ફરીયાદીએ દાખલ કરેલ આ ફરીયાદના કામે આખરી ન્યાયીક નીર્ણય આ અદાલતે કર્યો ગણાશે. વધુમાં નામદાર શ્રી ગુજરાત હાઈકોર્ટે તાજેતરમાં ઈશ્વરભાઈ હીરાભાઈ ચુનારા વિ. ગુજરાત રાજય, સ્પેશીયલ ક્રીમીનલ એપ્લીકેશન (કવોસીંગ) નં. ૯૧૧૨/૨૦૧૬, ચુકાદા તા. ૨૭/૨/૨૦૧૭ તેમજ સ્પેશીયલ ક્રીમીનલ એપ્લીકેશન (કવોસીંગ) ૯૧૧૩/૨૦૧૬, ચુકાદા તા. ૨૨/૨/૨૦૧૭ ના ચુકાદામાં અવલોકન કરેલ છે કે આવા કીસ્સામાં તહોમતદારની ગેરહાજરીમાં જો સજા ફરમાવતો હુકમ જાહેર કરવામાં આવેલ હોય તો તે કાયદાથી વિરૂઘ્ધ ગણાય નહીં.

(૧૩) અહીં તહોમતદાર વિરૂઘ્ધ ધી નેગો.ઈન્સ્ટ્રુમેન્ટ એકટ ક.૧૩૮ અન્વયે આક્ષેપો પુરવાર થયેલ છે. પ્રવર્તમાન સમયમાં ચેક વણચુકવાયેલ પરત ફર્યાના કેસો દિન પ્રતિદિન વધતા જાય છે અને આ પ્રકારના ગુનાઓમાં ઉત્તરોતર વધારો થતો જાય છે. ચેક લખનાર ચેક જેવા મહત્વના નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ ખાતામાં અપુરતા ભંડોળ હોવા છતાં અથવા તો ખાતુ બંધ કરી દીધેલ હોવા છતાં, લખી આપી ચેક ધારક વિરૂઘ્ધની ઉપસ્થિત થયેલી પોતાની કાયદેસરની જવાબદારી અથવા દેવામાંથી છટકવા પ્રયત્ન કરતા હોય છે અને જેથી જ આ અધિનીયમમાં આ પ્રકારની જોગવાઈ આવા નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટનો દુરૂપયોગ થતો અટકાવવા કરવામાં આવેલ છે. જેથી આવા ગુન્હામાં આરોપીને તકસીરવાન ઠરાવવામાં આવેલ હોય ત્યારે તેને હળવાશથી લઈ શકાય નહી. હવે જયારે આરોપીને સજા અંગેની વિચારણા કરવામાં આવે ત્યારે આરોપીને એટલી હળવી સજા કરવી ન જોઈએ કે જેથી આરોપીને તેની ગંભીરતા સમજાય નહીં, પરંતુ આરોપીને પોતાના કૃત્યનો અહેસાસ થાય તે રીતેની સજા કરવી જોઈએ. ઉપરોકત તમામ ચર્ચા ઘ્યાને લઈ નીચે મુજબ આખરી હુકમ ફરમાવવામાં આવે છે.

**<u>–: હુકમ :–</u>**

(૧) ફોજદારી કાર્યરીતી સંહીતાની કલમ–૨૫૫(૨) અન્વયે તહોમતદાર રાજેશભાઈ ગણપતભાઈ સોલંકી, રહે. ૫, સંત પ્લાઝા, અનુપમ ફેકટરી સામે, સલુણ તળપદ, તા. નડીયાદ, જી. ખેડા.ને ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ મુજબના શિક્ષાને પાત્ર ગુના સબબ તકસીરવાન ઠરાવવામાં આવે છે.

(૨) તહોમતદારને ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ−૧૩૮ મુજબના શિક્ષાને પાત્ર ગુના સબબ એક વર્ષની સાદી કેદનો હુકમ ફરમાવવામાં આવે છે.

(૩) ક્રી.પ્રો.કોડની કલમ−૩૫૭(૩)અન્વયે આરોપીએ ફરીયાદીને ચેકની રકમ રૂા.૯૮,૦૦૦/− (અંકે રૂપિયા અઠાણુ હાજર પુરા) વળતર પેટે ફરીયાદીને ચુકવવા અને જો આરોપી વળતરની રકમ ચુકવવામા નિષ્ફળ જાય તો ત્રણ માસની સાદી કેદની સજા ભોગવવી.

(૪) સીઆર.પી.સી. ની કલમ ૩૬૩ અન્વયે તહોમતદારને આ ચુકાદાની એક નકલ વિનામુલ્યે પુરી પાડવી.

(૫) સદર ચુકાદો આજરોજ જાહેર કરવામાં આવેલ છે અને તહોમતદાર અદાલત સમક્ષ ઉપસ્થિત નથી કે ચુકાદામાં વિસ્તૃત રીતે કરવામાં આવેલ અવલોકન અનુસાર લાં બા સમયગાળાથી અદાલત સમક્ષ ઉપસ્થિત રહેતા નથી તેવા સંજોગોમાં તહોમતદાર પર બિન જામીની વોરંટ કાઢવાનો હુકમ કરવામાં અવે છે.

આજરોજ તારીખ ૩૦મી માહે માર્ચ, સને ૨૦૨૬ ના રોજ મારી સહી કરી ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તા.૩૦/૦૩/૨૦૨૬.
સ્થળ:− નડીયાદ.

**(જયકાંત પરસોત્તમદાસ પરમાર)**
ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ,
નડીયાદ.
**{Code No.GJ01017}**